# હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં બોમ્બ મુકાયાનો ફોન આવ્યો





હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના આરોગ્યનગર વિસ્તારમાં ગુરૂવારે બપોરે આવેલી એક હાર્ટની ખાનગી હોસ્પીટલમાં અજાણ્યા ઈસમે ફોન કરીને હોસ્પીટલમાં બોંબ મુકાયો હોવાની ધમકી આપી હતી. બોમ્બની ધમકીનો નનામો ફોન આવવાને પગલે આખરે પોલીસે સમગ્ર આરોગ્યનગર વિસ્તારની તમામ હોસ્પીટલોમાં સાવચેતીના ભાગરુપે તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરમાં આરોગ્યનગર વિસ્તારમાં આવેલી આવકાર હોસ્પિટલ કે જ્યાં હાર્ટની બીમારીની સારવાર કરતી જ્યાં રાત્રીના ત્રણેક વાગ્યાના અરસા દરમ્યાન હીન્દી અને ઉર્દુ જેવી ભાષાના સલામ વાલેકુમના લહેકામાં વાત કરીને હોસ્પીટલમાં બોંબ મુક્યો હોવાની વાત કરી હતી અને તે બોંબ દશ મીનીટમાં જ ફાટશે હોસ્પિટલ ખાલી કરવો દો એવી વાત કરી હતી. જેને લઈને તે ફોન રીસીવ કરનાર હોસ્પીટલના સ્ટાફે શરૂઆતમાં તો ગંભીરતાથી લીધી નહોતી પણ બાદમાં સવારે આ બાબતે તબીબને જાણ કરી હતી. અને તબીબે પોલીસને જાણ કરી હતી પોલીસે જાણકારી મળતા જ એસપી દ્વારા બોંબ ડીસ્પોઝલ સ્કવોડ અને સ્પેશીયલ ઓપરેશન ગૃપ સ્થાનિક ક્રાઈમ બ્રાંચ અને ડોગ સ્કવોડ, બોમ્બ ડીસ્પોઝલ સ્કોર્ડ સહીતનો કાફલો લઈને હોસ્પીટલ ખાતે પહોંચ્યા હતા અને હોસ્પીટલની ખુણે ખુણાની સ્નીફર ડોગ દ્વારા અને પોલીસના જવાનો દ્વારા તલાશી હાથ ધરવામાં આવી હતી. જોકે પોલીસને હોસ્પીટલમાંથી કોઈ જ સંદીગ્ધ ચીજ હાથ લાગી નહોતી જેથી પોલીસ અને હોસ્પીટલ સત્તાવાળાઓને રાહત થઈ હતી. આ ઉપરાંત પોલીસે હવે ફોન કરનાર શખ્શની તપાસ હાથ ધરી છે અને તેને ઝડપી લેવા માટે એસઓજી અને એલસીબીને કામે લગાડવામાં આવી છે. આ અંગે સાબરકાંઠા એસપી પ્રવિણ માલે જણાવેલ કે આવકાર હોસ્પીટલમાં રાત્રી દરમ્યાન કોઈ અજાણ્યા શખ્શે ફોન કરીને બોમ્બ મુક્યાની ધમકી આપી હતી અને જેને લઈને પોલીસના કાફલા વડે સર્ચ હાથ ધર્યુ છે પણ કાંઈ હાથ લાગ્યુ નથી આ ઉપરાંત ફોન કરનાર સુધી પણ પહોંચીને તેની ધરપકડ કરાશે.

# પ્રાંતિજ ત્રણ રસ્તા પર ટ્રકની ટક્કરમાં એકનું મોત

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે રાત્રીના સમયે ટ્રક ચાલકે ઈકોને ટકકર મારી અડફેટે લેતાં ઈકોમાં સવાર એકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જયારે ઈકો ચાલકને શરીરે તથા માથાના ભાંગે ગંભીર ઈજાઓ થતાં તેમણે પહેલાં પ્રાંતિજ, હિંમતનગર અને ત્યાંથી અમદાવાદ એપોલો ખાતે ખસેડવામાં આવ્યા છે.

પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે રાત્રીનાં ૧૨-૩૦ કલાકે અમદાવાદ તરફથી આવતી ઈકો કાર નંબર-જીજે.૦૯.બીબી.૯૪૦૩ને હિંમતનગરથી આવતી ટ્રક-





આરજે.૨૭.જીસી.૨૬૧૭નો ચાલક ફુલફાસ્ટ હંકારીને લાવીને પ્રાંતિજ તરફ અંદર જતી ઈકો કારને ટક્કર મારી અડફટે લઈને ઈકો કારને પ્રાંતિજ ત્રણ રસ્તાથી પ્રાંતિજ પોલિસ સ્ટેશન ૧૦૦ મીટર સુધી ઈકોકારને ઢસરી ગયો હતો જયારે પોલિસ સ્ટેશન પાસે હોવાથી પોલિસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. જયારે ઈકોમાં સવાર મિસ્ત્રી જીતુભાઈ રહે. પ્રાંતિજ, ગોપીનાથ સોસાયટી ઉ.વર્ષ-૫૨ નું ઘનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જયારે ઈકો ચાલક શ્રીકાન્તભાઈ ચદુભાઈ પટેલ રહે. પ્રાંતિજ ગોપીનાથ સોસાયટી ઉ.વર્ષ-૫૩ કે જેવો પ્રાંતિજ એક્સ પરિમેન્ટલ હાઈસ્કુલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે તેવોને પણ માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમણે પહેલાં પોલીસ જીપ માં પ્રાંતિજ આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યાં હતાં જયારે ત્યાંથી હિંમતનગર મેડીસ્ટાર ખાતે લઈ જવામાં આવ્યા હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ એપોલો હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

# છેલ્લા છ વર્ષથી ખંભીસરના યુવાનોની પ્રેરણાદાયી કામગીરી

## ગામમાં ૩૦૦ પાણીના કુંડા અને ૪૦૦ માળા લગાવાયા : લુપ્ત થતા પક્ષીઓને બચાવવા અનોખું અભિયાન

મોડાસા, તા. ૨

માનવજાતિએ આધુનિકરણ તરફ આંધળી દોટ મુકીને વૃક્ષોનું ખેદાન મેદાન કરી નાખ્યુ છે. દિન પ્રતિદિન વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે જેના લીધે પક્ષીઓની સંખ્યા પણ ઘટી રહી છે. હાલ ચકલી જેવા પક્ષીઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા





માટે ઝઝુમી રહ્યા છે ત્યારે પર્યાવરણ અને પક્ષીઓના અસ્તિત્વને ટકાવી રાખવાની પોતાની નૈતિક ફરજ સમજીને દર વર્ષે ખંભીસર ગામના યુવાનો દ્વારા પીવાના પાણી અને માળાઓની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉનાળામાં પક્ષીઓને કાળઝાળ ગરમીમાં પાણી માટે આમતેમ ભટકવું ના પડે તે માટે ખંભીસરના યુવાનો દ્વારા છેલ્લા છ વર્ષથી એક અનોખો સેવા યજ્ઞ કરવામાં આવે છે. છેલ્લા ૬ વર્ષથી મોડાસા તાલુકાના ખંભીસર ગામના ટીમ ખંભીસર નામના યુવાનોના સંગઠન દ્વારા પક્ષીઓને બચાવવા માટે અભિયાન ચલાવવામાં આવે છે. ગામના તમામ યુવાનોના વર્ષ દરમ્યાનની પોતાની પોકેટમનીની બચતમાંથી ઉનાળાની શરૂઆત થવાની સાથે જ પક્ષીઓ માટેના ચકલીઘર અને માટીના પાણીના કુંડાની ખરીદી કરવામાં આવે છે. ઉનાળાની શરૂઆત થતાં જ ગામના યુવાનો દ્વારા ઘરે ઘરે ફરીને ઘરદીઠ કુંડા અને ચકલીગર લગાવી આપવામાં આવે છે. ઘરદીઠ લગાવેલા પાણીના કુંડામાં નિયમિત પાણી રેડવા અને ચકલીઘરની સંભાળ રાખવા માટે લોકોને સમજાવવામાં આવે છે. ગામલોકો દ્વારા પણ વર્ષ દરમ્યાન ચકલીઘર અને પાણીના કુંડાની સાચવણી કરવામાં આવે છે. ગામના ઘરદીઠ અને પાદરોમાં તેમજ ખેતરોમાં જ્યાં સૌથી વધુ પક્ષીઓની અવરજવર ત્યાં દર વર્ષે યુવાનો દ્વારા પાણીના કુંડા તેમજ ચકલીઘર લગાવવામાં આવે છે. ચાલુ વર્ષે ખંભીસરમાં આવેલ તમામ ઘર યુવાનો દ્વારા ૩૦૦ પાણીના કુંડા અને ૪૦૦ ચકલીઘર લગાવવામાં આવ્યા છે. છ વર્ષથી અવિરતપણે ચાલતી યુવાનોની કામગીરીને ગામલોકો દ્વારા બિરદાવવામાં આવી હતી.

# મોડાસા સાયન્સ કોલેજનો ૫૭મો વાર્ષિકોત્સવ યોજાયો

## પ્રદેશ મીડિયા સેલ કન્વીનર હર્ષદભાઈ પટેલના પ્રેરણાદાયી વકતવ્યથી છાત્રો પ્રભાવિત થયા

મોડાસા તા. ૨

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે મ.લા.ગાંધી ઉ.કે.મંડળ



સંચાલિત મોડાસા સાયન્સ કોલેજનો ૫૭મો વાર્ષિકોત્સવ ગુજરાત પ્રદેશ ભાજપ મીડિયા સેલના કન્વીનર હર્ષદભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ગુરુવારે રંગેચંગે સંપન્ન થયો હતો.

ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત છાત્રો અને મહાનુભાવો પ્રદેશ ભાજપ મીડિયા સેલના કન્વીનર હર્ષદભાઈ પટેલના ખૂબ જ પ્રેરણાદાયી પ્રવચનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા પ્રભારી મંત્રી સુરેશભાઈ શાહ, કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ટ્રસ્ટ્રી ડૉ. અરુણભાઈ શાહ તેમજ સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય આર.સી. મહેતા આ કોલેજના ભૂતપર્વ વિદ્યાર્થી ઉપસ્થિત રહી છાત્રોને આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમમાં શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત છાત્રોને સુવર્ણમંડક ચંદ્રકો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા જ્યારે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવા બદલ પણ છાત્રોને સન્માનિત કરવામાં આવ્યા હતા.



કેરલમાં માર્કસવાદીઓ દ્વારા રાષ્ટ્રવાદી સંગઠનોના કાર્યકર્તાઓ અને તેમના પરીવારજનો પર અત્યાચાર તેમજ હત્યાના બનાવો વધતા આજરોજ હિંમતનગર શહેરના ટાવર ચોકમાં સાબરકાંઠા નાગરીક સમિતિ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજી વિરોધ પ્રદર્શીત કરેલ. સાબરકાંઠા નાગરીક સમિતિ દ્વારા જણાવેલ કે સીપીએમના ગુંડાઓ દ્વારા હિન્દુવાદી કાર્યકર્તાઓ તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો ઉપર હુમલાઓનું પણ પ્રમાણ ખૂબ વધ્યું છે. તેઓએ હિંસા દ્વારા ડર અને ભયનો માહોલ કેરળમાં ઉભો કર્યો છે. આ ધરણામાં જીવાભાઈ રાઠોડ, જગદીશભાઈ જોષી, રમેશભાઈ સોરઠીયા, પ્રકાશભાઈ પરમાર, જયંતિભાઈ નાયી, મિતેશભાઈ સુથાર, નલીનભાઈ આર. પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, અંબાલાલ સોની, અનીરૂદ્ધ સોરઠીયા, ભરત ભટ્ટ, દીલીપ ચૌધરી, શૈલેષ ઘુવાડ સહિત શહેરના અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના રાણકપુર ગામની ચાર સંતાનોની માતા ન્યાય માટે તડપે છે

કાંકરેજ, તા. ૨

કાંકરેજ તાલુકાના રાણકપુર ગામની દિકરી જે ચાર સંતાનોની માતાની કથની સાંભળી ભલભલાના હૈયા કંપાવતી આ ઘટના છે. તેને થરા પોલીસ ગંભીરતાથી ન લીધી હોવાના ફરિયાદિના આક્ષેપ પ્રાપ્ત વિગતો અનુસાર રાણકપુરના વાઘેલા ભાથીભા લાલસિંહની દિકરી નામે નિકુબાના લગ્ન ૧૯ વર્ષ પહેલા ઉકરડી ગામે થયા હતા. જ્યાં તેમના લગ્નજીવન દરમ્યાન સુખી સંસારમાં ચાર બાળકો છે. દિવ્યાબા ઉં.વ. ૧૮, રાજેશ્વરી બા ઉં.વ. ૧૩, શક્તિસિંહ ઉં.વ. ૧૦, વિરભદ્રસિંહ ઉં.વ. ૫ એમ કુલ બે દિકરા અને બે દિકરીઓ છે. જે ગઈ તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ નિકુબાના પતિ સોલંકી ધર્મેન્દ્રસિંહ નિર્મળસિંહએ મારઝુડ કરી રાણકપુર મુકીને રૂ. ૨,૦૦૦૦૦ની માંગણી કરી અને તેમ નહિ કરે તો જાનથી મારી નાંખવાની ધમકી આપેલ ત્યારે પાટણ મને એકવાર ફોસલાવીને અગાઉ લઈ જઈને છુટાછેડા કરવા માટે રૂપિયા ૧૦૦ના સ્ટેમ્પ ઉપર સહિ કરાવેલ અને પછી રાણકપુર ગામના અને સમાજની બીજી અન્ય યુવતીને ભગાડી જઈ તેની

● અનુસંધાન પાના ૭ પર

## પ્રચાર દંગલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ મતદારોએ પોતાનો મતાધિકારનો ઉપયોગ પાંચમાં તબક્કામાં કર્યો હતો. મોટી સંખ્યામાં મતદારો શરૂઆતમાં જ મતદાન કરવા માટે બહાર આવ્યા હતા. પાંચમાં તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ હજુ સુધી કુલ ૩૧૩ બેઠકો ઉપર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. હવે છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટ મતદાન થશે.ઉત્તરપ્રદેશમાં રાજકીય પક્ષો એકબીજાને પછાડી દેવા માટે તમામ તૈયારી કરી ચુક્યા છે.મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના દિવસે યોજાશે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને લઈને જોરદાર ઉત્સાહ મતદારોમાં હાલમાં જોવા મળી રહ્યો છે. ચૂંટણી ખૂબ જ શાંતિપૂર્ણ ચાલી રહી છે.યુપી ઈલેક્શન વોચ એન્ડ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાંચમાં તબક્કામાં છ રાષ્ટ્રીય પાર્ટી સહિત ૭૫ રાજકીય પાર્ટીના ઉમેદવારો ભાગ્ય અજમાવ્યા હતા. યુપી ઈલેક્શન વોચ એન્ડ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે છ રાષ્ટ્રીય પાર્ટી સહિત ૭૫ રાજકીય પાર્ટીના ઉમેદવાર ભાગ્ય આજે મતદાન થતાની સાથે જ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પાંચમા તબક્કામા મતદાન પહેલા ૬૧૭ ઉમેદવારો પૈકી ૬૦૮ ઉમેદવારોની એફિડેવિટમાં તપાસ કરવામાં આવી હતી. એકબાજુ મોદી અને અખિલેશ-રાહુલ પોતાની તાકાત દર્શાવશે. જયારે બીજી બાજુ માયાવતી પણ વારાણસીમાં મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરશે. માયાવતી રોહનીયા સ્થિત જગતપુર ડિગ્રી કોલેજમાં વિશાળ સભાને સંબોધન કરનાર છે. માયાવતીના પ્રચાર અભિયાનની તે દિવસે પૂર્ણાહુતિ થશે. એક જ દિવસમાં ચાર દિગ્ગજ નેતાઓના પ્રવાસને લઈને સુરક્ષા વ્યવસ્થામાં લાગેલા તંત્રના પરસેવા છૂટી ગયા છે. વડાપ્રધાન તરફથી પ્રોટોકોલ આવ્યા બાદ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

## આધારકાર્ડ વિના...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યું છે કે આધાર આધારીત ટિકિટીંગ સિસ્ટમ ઉપરાંત રેલવે દેશભરમાં ૬૦૦૦ પોઈન્ટ ઓફ સેલ મશીન અને ૧૦૦૦ ઓટોમેટિક ટિકિટ વેન્ડીંગ મશિન સ્થાપિત કરીને કેસલેશ ટિકિટીંગની દિશામાં આગળ વધશે. ઈન્ટેગ્રેટેડ ટિકિટીંગ એપ કેસલેશ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા માટે મે મહિના સુધી લોન્ચ કરી દેવામાં આવશે. આધાર નંબર આઈઆરસીટીસી ટિકિટિંગ સાઈટ ઉપર એક વખતે નોંધણી કરવા માટે જરૂર પડશે. આ પગલાંનો હેતુ બનાવટી ઓળખ આપીને નોંધણી કરાવવાથી લોકોને રોકી શકાશે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું હતું કે રેલવે દ્વારા આ હેતુ માટે એક સોફ્ટવેર તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. ઘણા બધા પગલાં લેવામાં આવ્યા હોવા છતાં રેલવેમાં બલ્ક ટિકિટ બુકીંગ કરાવવાના દુષણનો અંત આવી શક્યો નથી. ત્યારબાદ આ પ્રકારની ટિકિટોને વધારે ઉંચી કિંમત ઉપર વેચી દેવામાં આવે છે. રેલવે માટે આ ખૂબ જ ગંભીર પ્રકારની સમસ્યા બની ચુકી છે. નવા બિઝનેસ પ્લાનમાં ટુરીસ્ટ ટ્રેન લોન્ચ કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે. આ ટુરીસ્ટ ટ્રેનો તમામ હિલ સ્ટેશનોને જોડશે. આનાથી યાત્રીઓને વધારે આરામદાયક પ્રવાસ કરવાની તક મળી જશે. સાથે સાથે ખૂબ સારા અનુભવ થશે. કેટેરીંગ સર્વિસ અને અન્ય ખામીઓને દુર કરવા માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. રેલવે વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે નવા પ્લાન મુજબ રેલવેની આ વર્ષે ભારત-બાંગ્લાદેશ ફ્રેટ ટ્રેન લોન્ચ કરવાની યોજના પણ છે.

# મોડાસામાં દાદુ મેસર્સમાં આઈટીનું સર્ચ ઓપરેશન

અરવલ્લી જિલ્લાની મોડાસા સ્થિત આયકર વિભાગની કચેરીના અધિકારીઓ આજે બપોરના સમયે મોડાસા બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલા દાદુ શોપિંગ સેન્ટરની દાદુ જનરલ સ્ટોર્સ નામની પેઢી કે જે ગોળી, બીસ્કીટ તેમજ અન્ય જરૂરીયાત ચીજવસ્તુઓનું હોલસેલનું કરોડોનું વેચાણ કરતી પેઢીના ત્યાં હિંમતનગર જોઈન્ટ કમિશનર સાથે રાખીને સર્ચ ઓપરેશન હાથ ધરી શંકાસ્પદ નાણાંકીય વહેવારોની તપાસ હાથ ધરી હતી. દાદુ જનરલ સ્ટોર્સમાં આઈટીના દરોડાથી મોડાસાના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧